"રાહે દીને માજદયસ્નાન"

અથવા

"રાહે દીદારે હક"

નેમો વોહુ નેમો વહિસ્તેમ
જરથુસ્ત્ર ગએમાણયો.

ઓ જરથુસ્ત્ર, આ દુનીઆનાં લોકો માટે
બંદગી સારી છે, બંદગી સૌથી સરસ છે.

પ્રગટ કરનાર.

શાવકશા એદલજી કુપર.

કેમ્પ મઉ.

હમ બંદગી.



જરથુશ્ત્રહે હએનામ યજમઇદે.

(અશો જરથુસ્તની દીનને હમો આરાધ્યે છીએ).

"રાહે દીને માજદયસ્નાન"

અથવા

"રાહે દીદારે હક"

નેમો વોહુ નેમો વહિસ્તેમ
જરથુસત્ર ગએથાબયો.

ઓ જરથુસત્ર, આ દુન્યાનાં લોકો માટે
બંદગી સારી છે. બંદગી સૌથી સરસ છે.

પ્રગટ કરનાર.
શાવકશા એદલજી કુપર.
કેમ્પ મહુ.

"ધી કોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ"માં
ગણપતરાવ રામાજીરાવ સીંધિએ
નાં૦ ૧, પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

To

The Pious Memory

OF

My Late Beloved Mother

BAI GOOLBAI EDULJI COOPER

I

Humbly dedicate this book.

મારા મરહુમ વહાલાં માતાજી

બાઇ ગુલબાઇ એદલજી કુપરની

ગંભીર અને અશો યાદને

આ ચોપડી નમ્રતાથી અર્પણ કરૂછું.

દીબાચો

પાક દાદાર અહુરમજદનાં નામની મદદથી અને અશો જરથોસ્ત પેગમબરની નેક દુઆની બરકતથી આ નાનકડી પુશતક લખાઇ છે,

લખવાની નેમ એતલીજ છે કે આપણા જરથોશ્તી મહજબને લગતી કેલવણીનો તથા ધર્મ ઉપર આપણાજ ભાઇ બેહનોનો એતેકાદનો વધારો થાય મારા લખવા અગાઉ એ બાબદ ઉપર મોહતા ઓલમાઓ એ ઘણુંજ વીસતારીને લખ્યું છે અને સર્વેને પુરતો લાભ આપેયો છે, પણ એ બાબદ આજ ઘણું થયું મારા મનમાં જુદી રીતે રમયા કરતી હતી. તેથી આએ નાનકડી ચોપડી મહુના જરથોસ્તી બાનુઓ તથા ગ્રહશયો સનમુખ રજુ કરૂં છું, અને એલતેમાસ કરૂં છું કે આએ મારી અદના પહેલી કોશેશ ને સર્વે મેહરબાનીની નજરે જોઇ દીલશોજી ભરયો આવકાર આપશોજી.

ઇંગલડંનો નામીચો લખનાર ઓલવર ગોલડસ્મીથનાં શબ્દો યાદ આપે છે.

"There are an hundered faults in this thing and an handred things might be proved them beauties.

એ મધે સો ઘની ખોર ખાપણ નીકલશે તેમ સો ધણી સારી ચીજો મળશે.

શેવટે અત્રેના નવા પધારેલા મહુના માનવંત દશતુરજી સાહેબ દસ્તુર નોશીરવાન દસ્તુર કૈકોબાદની ધણીક દીલશોજ સુચણાઓ માટે તથા સર્વેને માટે કાલજી લેઇ મદદ કરે છે તે માટે મારી કમીની કલમ આભારી છે તથા આ ચોપડી લખતી વખતે જે જે ચોપડીઓની મેં મદદ લીધી છે તેનાં કર્ત્તાઓનો હું આભાર માનું છું.

લા. શાવકશા એદલજી કુપર.

મઉ તા૦ ૧૨ આગસ્ત ૧૯૧૩.

દાઇદી· અષા· તાંમ· અષામ
વંઘહેઉસ· આયપ્ના· મ·નંઘહો
દાઇદી· તૂ· આર્મઇતે· વીશ્તાસ્પાઇ
ઇષેમ· મઇબ્યાચા
દાઓસ્તૂ· મજદા· ક્ષયાચા· યા
વે· માથ્રા સ્રેવીમા રાદાઓ.

ઓ અહુર ! ભલા મનની મનશાનીવાલા-ઓને બંદગી કરવાને માટે કુવત બક્ષ તથા રોજગાર ધંધો અને લક્ષમી વધાર. અહુરમજદે જેવી રીતે શાહ ગુશતાસ્પને કીર્તિવાન કીધો તેજ મીસાલ બંદગી કરનારને કીર્તિવાન કરે-અહુરમજદ જેબી કોઇ બંદગી કરનાર હોય તેની મુરાદ બર લાવે.

૧. બંદગી યાને શું ? તે દાદાર અહુરમજદે ઇનસાનને માટે જે શાફકતો રેહમ દીલથી ન્યામત (વોહુ) તથા અક્કલનું ગોહર (બેહમન)

બક્ષેલું છે તેનાં શોકર બજા લાવવાને ગોયા બંદગી છે. આપણુ તે સાહેબના ખાકી બંદા તરીકે, એક ઇનશાન તરીકે અને એક જરથોસ્તી તરીકે હરેક વખતે બંદગી કરવાની ફરજ છે. "તવંગર કે ગરીબ," "શાહ કે ગદા," "આલમા કે દાનાવ," સર્વને લાજમ છે કે તે સાહેબની બક્ષશોનો ઉપકાર બંદગીનાં રૂપમાં રજુ કરવો.

જગતકર્તા એકલો અહુરમજદ તેની બંદગી કરવાનો માઆકુળ સબબ તે પેદા કરનાર એકલોજ છે. ઇનસાનોને આય દુન્યામાં પેદા કરી તેઓનાં ભલાને માટે, તેઓની જીંદગીના આધાર માટે, તેઓનાં રક્ષણ માટે સર્વ ચીજો પેદા કીધી છે· પ્રાણી· પશુ· પક્ષી· પાણી· આનસ· અન્ન, મટ્ટી· ખનીજ· પદાર્થ· સુર્ય· ચંદ્ર· સેતારા· હવા· રોશની· અંધકાર એ સર્વ ચીજોનો તે માલેક એકલો અહુર પોતેજ છે. વખતસર સર્વનો જનમ આપનાર અને ઘટતે વખતે અંતનો લાવનાર તે સાહેબજ છે. એ સર્વ ચીજનો ખ્યાલ કરતાં આપણુ ઇનસાન ને

શું ખ્યાલ જાએ છે, કે એ જગતકર્તા માલેકનો પાર તો આપણ નાચીઝ માનવીઓથી કદીબી ફેરી શકાયજ નહી પણ તેની સર્વ પેદાયસોની સ્તુતી તથા પરસતેશ કરી શકાએ; અને તેની શુક્રગુજારી કરવાની આપણ દરેક ઇનશાનની એક પવીત્ર ફરજ છે, અને તે માહગુરૂ માલેકના ગુણો ગાવા આપણ દરેક રીતે બંધાયલા છીએ. માટે ઓ માનવી તું ખ્યાલમાંથી બીદાર થા ને તેનાં આભારનો ગેરઉપયોગ નાકર ને તારે માથે નગુણાપણાની કાલી તીલી ના લે. એક જરથોસતી તરીકે આપણે ખોદાપરસ્તી છીએ અને તેમ કબુલ કરવામાં લજવાવાનું નથી. "**મજદયસની**" ખોદા પરસ્તી છીએ અને નહી કે "**વીદએવ**" દેવ-પરસ્તી. ફારશી સાએર લખે છે કેઃ—

મગુધ કે આતશ પરસ્તાં બુદન }
પરસતં દે—પાક યજદાં બુદન } યાને તું એમ.

ના કહે કે તેઓ આતસ પરસ્ત હતા. પણ કહે કે તેઓ તે માહન પાક યજદાને પરશત રનારા હતા. આપણુ કુશતી પાદયાબ કરીએ

છીએ ત્યારેજ એકરાર કરીયેછ કે, "મજદયસનો અહમી, મજદયસનો જરથુશતરીશ ફ્રવરાન" હું માજદયશની છેઉં એક માજદયસની જરથોસતી તરીકે જરથોસતી ધર્મ ઉપર એતેકાદ લાવનારો તેની સ્તુતી તથા વખાણ કરનારોછું.

આપણ જરથોસતીઓ ઉપર જે એક જુથ્થું તોહમત જોડેલું છે કે મુર્તી પુજક છીએ તે તદન ગલત અને નાપાએદાર છે. તે આલ બારીકીથી તપાસીએ તો આપણને માલમ પરસે કે તેનો પાયોજ તદન ખોતો બાંધેલો છે ને તે કુદરતી રીતે નીચે જમીન દોસ્ત થાય છે. યઝદાની ભકતી કરતાં યજદોની ભકતી થઇ અને યજદો પછી મુર્તી પુજક થયા.

પાંચ હજાર વરસ અગાઉ સર્વે એક ઇશ્વરને માનતા હતા અને તેઓ અષ અને સઝદની ભકતી કરતા હતા. મધ્ય પ્રાંતના એશ્યામાં ખ્રીસતીઓ ખોદાતાલાને "Our Father which art in Heaven" કરી કહેતા હતા. બીજા 'એશીયા' ના રહીશો 'દીયાશ પીતર' (Dyäsh Pitar) યાને ઇશ્વર કરી કહેતા

હતા. ત્યાર બાદ તેઓની ઓલાદ જે ગ્રીક, યુનાની અને રોમન લોકો (The Greeks, the jews and the Romans) હતા તેઓ 'ઝીયસ પાતર' (Zeuspater) યાને jupitar કરી કહેતા હતા. એ પ્રમાણે સર્વ એકજ ખોદાને માનતા હતા. એ રૂઢી ઘણો વખત જારી રહી નહી. અસલ આર્યન પ્રજા (the ancient Aryans) તે કીરતારની ચમતકાર ખુબીઓ જોઇ તેની ચકચકતી પેદાયશોને નીહાલવા લાગ્યા! આસમાનને જોઇ તથા ઝગઝગતા સુર્યને જોઇ, તથા રૂપેરી ચંદ્રને જોઇ, તથા તારાઓનો ઝળુકો જોઇ, અને વાદલ, ગરજના; વરશાદ જોઇ તથા હવા, આતસ, ઓરવર જોઈ કહેવા લાગા કે એ સર્વ હમારા ખોદા છે અને તેઓને દેવ (Devas) સંસ્કૃત દવે યાને પ્રકાશવું કરી નામ આપ્યા. ત્યાર બાદ તે ઇશ્વરની પેદાયશને અવીનાશી બનાવી બેઠાં અને રફતે રફતે તેને માનતા, પથ્થર લાકડાંને માનવા લાગા અને સેવતે એવો વખત આવ્યો કે તેઓ મુર્તી પુજક થયા જે આર્યનો હીંદુકુષ Hindu-

Kush છોડી હીંદુસ્થાન આવી વસ્યા તેઓએ આજ લગન મુર્તી પુજક રૂઢી ચાલુજ રાખી; અને જેઓ ઇરાન તરફ રહયા તેઓ પોતાના અગ્ની (agni) યાને આતશ ને મોટો ગણુવા લાગ્યા. ત્યાર બાદ અશો જરથોસ્તનો જમાનો આવ્યો અને પાછા તે તરફના લોકો એકમતે દાદાર અહુરમજદને માનવા લાગ્યા અને તે કેરદારની કામીલ કુદરત તથા તેની પેદાયશની સ્તુતી ગાવા લાગ્યા. તે પેદાયશની સ્તુતી ગાવાની રૂઢી જરથુસ્ત્રીયાનોએ ચાલુજ રાખી છે, અને ખોદા તે દાદાર પોતેજ છે, અને નુરમંદ ખુરશેદ, રોશણુ માહાતાબ, ઝળકતા સેતારાઓ, શાંન્ત ઉચાઇ, તલીયા વગરની ઉંડાઇ, મીનોઇ પવન, ઝળકતો આતશ; નીર્મળ પાણી, બેમુળ જમીન, પ્રશરાત પાહદ, અને તરેહ તરેહનાં રંગ બેરંગી ઓરવરો, જગત અને જીંનત એ સર્વ તે રાહબર અને પરવરેશ કરનારની હસ્તીની ગવાહી છે એમ માને છે. એ બીના સર્વને જાહેર હોવા છતાં કેટલાક દીન દુશમનો જરથોસ્તીઓને મુર્તી પુજક કહેતા આવ્યા છે.

●

બંદગી જે છે તે બી રાતની છે. એકતો તે અહુરમજદની ખાલેસ બંદગી છે જે આપણે ગાથામાંથી મળે છે! અને બીજી જે છે તે તે કીરતારનાં ફ્રેશતાઓની તથા સુર્ય, ચંદ્ર, પાની આતસ ઈત્યાદી વગેરેની આરાધના છે. કોઇબી રીતે જોતાં તે ખોદાનીજ પરસતશ થાય છે. હવે બંદગી કરવાની લાયક જગા કયાં અને કેહવી હોય તે એક સાધારન શકતીનું માનવી પણ કહી શકશે. જયાંથી કુદ્રતની રચના નજરે પડે એવી ખુલ્લી જગે જોઇએ, અને બને ત્યાં વેર પાક અને એખલી જગે જોઇએ, અને તેવી જગો ઉપર કીધેલી બંદગી વધારે અસર કારક થાય છે. ઘેરમાં બંદગી કરનારાઓ છે પણ જયારે પઇસા ખરચીને બંદગી માટે પાક એલાહેદું મકાન બંધાયલુ તેનો લાભ કાંય નહી લએ તેમાં બે મકશદ સમાવલી છે. એકતો જગ્યા મજેની ને બીજું તો આતશના પાક કેબલાને નમશ્કાર થાય તથા વલી જે બીજુ ભનતર થાય તેની માહેતી મલે અને સેજદો થાય ઇનસાન ઉધું કામ કરે છે જેમાં કંઇબી હાંસલ થતું નથી જો એક જગે

મુસાફરખાનું બાંધ્યું હોસે તો તેનો લાભ લેશે કે એક Gymkhana (જીમખાનું) યા કલબ (Club) હોસે તો ત્યાં પહેલાં જશે, ન્યાતનું ખાનું થાય તેમાં હાજરી આપસે, ફરવાને માટે (Public Garden) જાહેર બગીચા હોસે તો ત્યાં રોજ સાંજના ફરવા જશે પણ જયાં ખાસ બંદગી કરવાની પાક જગો છે (અગીયારી) તેનોજ લાભ લેવો મુશ-કેલ થઈ પડે છે.

આ ઇનસાન તુને કેમ ચીતારીએ, તારી કધંગી રીત તારી ખાસીયત અને તારી એબો ! જો હાથમાં ચીતારાનો ધંધો હતે તો હું આબે-હુબ ચીતારતે, જો કવી હતે તો જાબજા વખાન તે અને એબો ઉઘાડી પારતે પણ કમનશીબે તેમાં નથી. આ વાંચનાર તુને પોતાને શું ખ્યાલ આવે છે અને જે તારૂ (Conscience) અંતકરણ કહે તેમ કર ! (Conscience) અંતકરણથી ઉંધો ના ચાલ. (Conscience) અંતકરણ તુને સારૂ સીખવે છે અને જો તું તે પ્રમાણે અમલ કરે તો તેજ ગોયા તારી

એક બંદગી છે. માટે હજુ પણ કંઇ મોડું થયું નથી તેથી તુરત બીડું ઝડપી લે ને આજ ને આજ અમલ કર કારણ કે આલશઇનું દરખત (ઝાડ) દીન પ દીન મોહટું થતું જશે ને ઘણી મજબુત જડ ઘાલી ખરાબી કરશે, બંદગી કરવાની ઘટતી રીતઃ—

સ્પેનતોમદ ગાથામાં આપણે ભણીએ છઇએ. હા. ૫૦ ફકરો ૮ મો.

મત વાઓ। મદાઇસચા ફ્રસ્તૂતા ઇજ્યાએ।
પઇરિ-જસાઈ મજદા ઉસ્તાનજસ્તો।
અત્ વાઓ અષા અરેદ્રખ્યાચા નેમંઘહુ।
અત વાઓ। વંઘહેઉશ મનઘંહા હુનરેતાત।

હજરત જરથોસ્ત ગાય છે કે ઓ અહુરમજદ અદબ અદાથી ઉભો થઇ બેહુ હાથ ઉથાવી ભલી મનશની અને ભલા વીચારો સાથે તારી બેહદ નીયામતો અને બક્ષેસો જે હમો ઇનસાનો તરફ થઇ છે તે સર્વેની સ્તુતી અને બંદગી બજા લાવી તારી હજુર પોહચું. એ ઉપરથી આપણે ત્રણ અનુમાન ઉપર આવીએ છઇએ.

(૧) એ કલમ્મો બતાવે છે કે તે દાદારની બંદગી કેમ કરવી.

(૨) બંદગી તમામ નીતીનું મુળ છે ને બંદગી વગર માનવી નીતીમાન થઈ શકે નહીં.

(૩) બંદગી કરવાથી શું ફાયદો થાય છે ને શું નેકી મલે છે.

પહેલું શીખવે છે કે બંદગી કેમ કરવી તે "અદબઅંદા"થી કરવી. અગર ઇનસાન અમથો "અદબઅંદા" વગર ફકત મોહોદેથી બદબદી જાએ છે તો તે કીરતારની ગોયા મશ્કેરી અને બેઅદબી કરે છે. દાખલા તરીકે એક આપણા સરખુજ માણસ પણ તે રાજાની પદવી ભોગવતો હોય યા તો કોઇ સરદાર હોય યા તો કોઈ બુઝરોગવાર હોય તો તેની પાસે જતાં આખરે અદલઅંદાથી કામ લીએ છીએ ત્યારે તે "અહુરમજદ" કે જે પાદશાહઓનો પાદશાહ, માલેકનો માલેક અને તમામ ખલકતનો ખાલેક ને તેની સ્તુતી અદબઅંદા વગર કરવી તે ઇનશાનને શરમાવા કરતાં પણ વધુ

છે. ખોરશેદ નીયાયશમાં તે દાદારની દાદારીનો ખ્યાલ આપે છે.

"સતાએમ જબાએમ દાદાર અહુરમજદ રયોમંદ, ખોરેહમંદ, હરવેસપ-આગાહ, કેરદેગાર, ખોદાવંદાન ખોદાવંદ, પાદશાહ બેર હમે પાદશાહાંન, નેગેહદાર, ખાલેકે મખલુક, અલરેજક રોજીદેહંદે, કાદેર, ઓ કવી, ઓ કદીમ, બખશાંયદે બખશાએશગર, મહેરબાન, તવાના ઓ દાના ઓ દાદાર ઓ પાક પરવરદેગાર આદેલ પાદશાહી બીજવાલ બાશદ."

તારીરૂ કરૂ છુ તથા ઇયાદ કરૂ છુ (તે) દાદાર અહુરમજદને કે જે ખાલેસ નુરમંદ તમામ ચીઝનો પહેલેથી જાણનાર, કામનો કરનાર, સાહેબોનો સાહેબ, સર્વ પાદશાહઓનો ઉપરી, પાસબાનીનો કરનાર, ખલકનો પેદા કરનાર ધણી, રોજીનો આપનાર, કુદરતમદ અને જોરાવર અને ઘણાજ લાંબા વખતનો, બખશનાર બખસાવનાર, માયાળુ, સર્વે શકિવાન, અક્કલમંદ. ઇનશાફનો આપનાર, પાકપરવરસ કરનાર (કે) જેની આદેલ બાદશાહી હંમેશા કાયમ છે.

જો અદબઅંદાથી બંદગી નહી કરીએ તો ગોયા તે કફુર ગુઇ (Blasphemy) સરીખું છે. એક શાએર ફરમાવે છે.

બર આવોર દોજા દસ્તે હાજતે દરાઝ
બે દરગાહે બી હાજતીઆરે સાઝ
શારે ગેલ મકુન સુએ હકક બરફરોઝ
સરે દેલ બકુન તા શવી શરફરાઝ..

એ ખુદાનાં બંદા તારા અંતઃકરણથી બેહુ હાથ જોડી તે હાજત બર લાવનાર દાદાર અહુરમજદની બંદગી દરેમેહરમાં બજા લાવ કે તારી તે બંદગી જરૂર તે ફીરતારની દરગાહમાં પુગસે, પણ યાદ રાખ કે ઢોંગી બંદગીથી કંઇ ફાયદો હાંસેલ થશે નહી, એમ પણ છે કે જો ઇનશાનથી બધી બંદગી કરી નહી શકાએ તો બીજા બંદગી કરે ત્યારે ધ્યાનથી હાથ જોડીને ખુબ ખ્યાલ આપી અદબ અદાથી બેસીને સાંભલે; હવે આપણે જોઇએ છીએ કે જશનોમાં જયારે દસ્તુરો, મોબેદો, બંદગીમાં મસગુલ હોય છે ત્યારે થોડા ધર્મ ચુસત

સમજુઓ એક ચીતથી બંદગી સાંભલે છે બાકી બીજા નાદાનો ખીખી, ખાખા, મસકેરી તથા દરેક રીતની (Mean Tricks) હલકી વરતનુક અખત્યાર કરે છે ઓ વાંચનાર તું તો ખ્ચીત એમ નથી કરતો, માટે યાદ રાખ કે એનું પરીનામ સારૂજ આવશે

આપણુ પઢીએ છીએ કે " નેમયજ્નઇ સુરૂન્વત યરાન " એનો પહેલવીમાં ખુલાશો એમ દરશાવયો છે " પવન જક નહવેખશશન હુંમદ યજશને પવન દીન દસ્તોબાર " યાને જે બંદગી દીનનાં દસ્તુરો બજા લાવે છે તેનાં ભનેલાં કલ્લામો હું શાંભલી તે બંદગીમાં સામેલ થાઉ છું.

(૨) બંદગી તે તમામ નીતીનું મુલ છે તે નીતીની કુંચી કે જે છે તે કંઇજ નથી પણ આપણું મન છે અને તે " મન " ને સારી રીતે ઉપ્યોગમાં લેવું આપણું કામ છે.

" ખુદાશનાસી " કંઇ ચીઝ નથી એવું હેમાકીત ભરેલું બોલનારા નાદાનો ઉપર આપણે ફીતકારની નજરે જોઇએ છીએ, જેઓ એમ

કહે છે કે 'બંદગી' તે ટુંક ભંડોલીઆ માટે છે, તેઓનુંજ ટુંક ભડોલ પ્રકાશીત થાય છે. એવા ઇનશાનો ઉપર દયાની નજરે જોઇ સારે રસ્તે લાવ્વું હે? પ્રીય વાંચનાર તારૂ કામ છે, તેથી તું આજેજ કમર બાંધ ને તેઓની પાપી બુધ્ધી ને સ્વચ્છ બનાવ તો તે પણ બંદગી કીધેલી ગનાસે.

(૩) બંદગી કરવાથી ઉપજતા ફાયદાઓ.

એટલું તો સીદ્ધ થયલું છે કે બંદગી કરવાથી બેશુમાર ફાયદાઓ થાય છે "પઇરી જસાઇ મજદા ઉસ્તાનજસ્તો" યાને "ઓ અહુર તારી બંદગી કીધાથી તારી હજુરમાં પોહચું" આપણે એટલુજ વીચાર કરીએ કે આય દુન્યામાં સુખ, ધન, દોલત, એશ આરામ એ સર્વે ચીઝ છે તે અહીંજ મુકીને જવાની છે પેલી દુન્યામાં કંઈ સાથે નહી આવ્વાનું જેબી ત્યાં કારગત લાગસે તે નેકી અને નેકી તેજ બંદગી.

આપણ માણસ જાતને બંદગીની મોટી જરૂર છે શું ફકીર કે પાદશાહ, તંવગર કે

ગરીબ, પહેલવાન કે પએગમબર સોને બંદગીની જરૂર છે. કારણ કે બંદગી એ આવતી જેહાનનું સુખ મેલવવાનું સાધણુ છે જેમકે એક આલમાએ કહયું છે.

જીંદગી ખાસ અઝ બરાયે બંદગીસત
જીંદગી બી. બંદગી શરમીદંગીસત

યાને આપણું આય દુન્યામાં ખાસ જીવવું બંદગીનેજ સારૂ છે. બંદગી કરીયા વગરની જીંદગી શરયામ સરમ ભરેલું છે.

અવસ્તા ભાષામા બંદગી વીષે નીચલો એશારો કરવામાં આવીયા છે.

નેમો વોહુતનેમો વહીશતેમ જરથુશત્ર ગએથાબીઓ તત દ્રવતોદ્રવતામ. ઉર્વતો પઇતીદારેશ તત દ્રવતો દ્રવતામ ઓશય અર્ષાઉષીકરેન ગવદ્રેથ દરેજવાન પઇરી ઉર્વ એશતેમ યત નેમો વોહુ અધવીમ અતબએશેમ નઇરેહામ વરેતીશ દજોવારે રમદારેશાન.

અર્થ—" અએ જરથોશત બંદગી દુન્યાના લોક માટે સારી છે. બંદગી સૌથી સરસ છે, દરવંદોમાનાં જોરાવર દરવંદની સાંમે તે એક બચાવ છે. તે બંદગી નર દરવંદની તથા માદાં દરવંદની આખ હુશયારી તથા કાનને આસપાસ ઢાંકી નાખનારી છે. તથા તેઓનાં હાથ પગ તથા મોઢા માટે બોડી છે જે બંદગી પુરેપુરા દીલથી કીધેલી તથા બદનીસતાંથી, દુર હોય તે માણસ વાસતે એક બચાવ છે દરૂજ સામે એક ઢાલ છે તથા દરૂજને હથાવનાર છે" ઉપલા ફકરાથી માલમ પડે છે કે "બંદગી" આ દુન્યાની નાસ કારક ચીજોને મારી હથાવનાર એક હથ્યાર છે જેવી રીતે એક હથ્યારે આપણે દુશમનને મારી હથાવ્યે છીએ તે રીતે બંદગી દેવ દરૂજોને તથા ખુરા વીચારોને મારી હઠાવે છે.

બંદગી કરવી તે ખરા મનથી કરવાની છે. બંદગી કરતી વેલા આપણો કાબુ મનપર હોવો જોઇએ. વગર મનની બંદગી ખુદાની દરગાહમાં પુગતી નથી આપણા જરથોશતીઓનો

અવસ્તામાં બંદગી કરવાનો રેવાજ ચાલુ છે કે જે અવસ્તાનો અર્થ કોઇ ન સમજતો હોય પણ સમજ્યા વગરની ખરાં અંતકરણની બંદગી તે કીરતારને જલદી પુગે છે. ખાલી સમજ્યા વગરની બંદગી વગર અંતકરણની મોટે મોટે બરાદી કરેલી બંદગી કરતાં વધારે સારી છે. ખરા ચીત સાથની એક ટુંક બંદગી આખી ખુરદેહ અવસ્તા વગર ચિત્રે ભણવા કરતાં હજાર વખત બહેતર છે વગર ધ્યાનની બદગીથી દાદાર અહુરમજદ નાખુશ થાય છે જેમ કે અવસ્તામા કહેલું છે.

કુથબવાદ હીતો હોજ વાયો યએજી અતમરથ એથઈ જાઈતી

અર્થ—જે કોઇ અન અર્થ આરાધના કરે તો તેની જબાન કાંતાની મીસાલ થાઓ.

ખરાં અંતકરણની બંદગીથી શું શું ફાયદા થાય છે તે નીચલા ફકરા પરથી જણાસે.

સ્પોતમ જરથુસ્ત સ્તેમપઇતી અન્ય- એશામ રથવામ ગાથનામ અન પ્યુમદ- નામ અનપીસુતનામ યા ભ્યાન્નનામ:—

અર્થ—આ સ્પીતમાન જરથોસ્ત જે લોક બીજા સખુનો બોલ્યા વગર મીઠાશથી ગાથાવાણી પઢે યાને બંદગી કરે તો તેઓને સો ગણી સાહેબની સરદારી છે. બન્યન જેવા નામાંકત લેખકના શબ્દોઃ—

"In prayer it is better to have a heart without words than words without heart". યાને શબ્દો કરતાં અંતકરણની બંદગી તરફ દોરવવું એ અંતકરણ વગર શબ્દ દોરવવા હઝાર ઘણું સારૂં છે. બંદગીથી સવાબ અને રાસ્તી હાંસલ થાય છે કે જે ચીજે માણસને બેહસ્તમાં લેઇ જવાના બે સાધણો છે. બંદગીથી માણસનું મગજ શાંત રહે છે. સાથે કરેલી બંદગી એકએ જીવે કરેલી બંદગી કરતાં સારી છે. દાખલા તરીકેઃ—

એક વખત એક વહાન ફરાનસથી ઇંગલંદ જવા ઉપડીયું આ વહાનમાં બીજા ઉતારૂઓ સાથે એક ગ્રહસ્થ તથા તેવનનો પાંચ વરસની વયનો એક બેટો પણ હતો

મુસાફરીની અધવચે એકાએક દરીયામાં પુશકળ તોફાન થઇ આયું ને તે વ્હાનની બચવાની આશા સઘળા ઉંતારૂઓએ છોડી. ખલાસીઓની મેહનત રદ ગેઈ ને વાહન ચક્કર ફરવા લાગું પેલો ગ્રહસ્થ જે અતીયાર સુધી તુતકપર ઉભો રહી વમાસણ કરતો હતો કે તે તથા તેનો બેતો પોતાના વ્હાલાઓને પાછા જઇને મલસે કે નહી, તેટલામાં તેનો બેતો જેનું નામ રોમીયો હતું તેની આગલ જઇ બોલીયો બાવા શું આખરે પાછા જઇ મમાને નહી મલશું ? આ સાંભળી તે બાપની આંખમાં આંસુ આવી ગયા ને તે બોલીયો "જે ઇશ્વર કરે તે ખરૂં" આય સાંભલી તે છોકરો બોલીયો કે શું ત્યારે ખોદા આપણી સાથે રીસે ચહડયોચ ? ને જો એમજ હોય તો આપણે તેની માફી ચાહવી જોઇએ ને એમ કહી ત્યાંજ ગુઠણ મંડી પ્રાથના કરવા લાગો તેને જોઇ સઘળા વાહન પરનાં ઉતારૂઓએ સાથે મળી બંદગી કરી કે જેથી તેઓને અજબ તરેહની હીંમત આવી અને સર્વએ પોતાનું જોર એકઠું કરી ફરી એક વાર વ્હાનને સંકટમાંથી કાહરવાની યત્ન

કરીને આય વખતની તેઓની મેહનત સફળ થઇને તેઓના ભેગાં જોરથી તેઓ ફતેહ પામીયા. ઉપલા દાખલાપરથી માલમ પડશે કે બંદગીથી આપણે કેટલો ફાયદો થાય છે જો તહમો ખરાં અંતકરણથી બંદગી કરી તહમારી જે ખાસ મુરાદ હોય તે ચાહો અને જરૂર તે સર્વ શકતીવાન બાપ જો તે મુરાદ નુકશાન કારક નહી હોસે તો પુરી પાડશે જેમ કે અવસતામાં લખીયું છે:—

"યત નેમો વોહુ અધબીમ અંત્બએષેમ નઇરેહામ વરેતિસ દજો વારેથમ વારેશત યાને

" સારા દીલની કોઇનું બુરૂ નહી ચાહવા કરેલી ભલી નમાજ (બંદગી) માણુસને માટે એક બચાવ અને જુઠાઇની સામે રક્ષણ કરનાર (ઢાલ) છે." પાદશાહઓ અને પહેલવાનો જે મહાન કીર્તી મેલવી ગયા છે તેનું મુલ કારણજ બંદગીજ છે બંદગી અવસ્તા ભાષામાંજ કરવી કારણ કે ખરી ખુબી તેમાજ છે. દાદાર અહુરમજદે અશો જરથોસ્તને

કહ્યું કે અગર સ્પીતમાન જરથોસ્ત અવસતાના કલામને જે વીસરી જાય તો હું અહુરમજદ તેના રવાનને બેહસતના દરવાજાથી દુર રાખું તવારીખ પરથી માલુમ પડે છે કે આપણા આગલા પાદશાહોએ બંદગી માટે પોતાનું તાજ વ તખતો છોડી એકાંતવાસ થયા છે જેવાં કે પાદશાહ કૈખશરૂ કે જે ગોશેન-શીન થવાની તૈયારી કરતો હતો ત્યારે તેના અમીર ઉમરાવો એ કારણ પુછયું તેનો જવાબ આપીઓ કે "ઇશ્વર તરફનો મારો ચાહ એટલો બધો છે કે હવે બંદગી તે ભકિત વીના એક પલ મારેથી થોભી શકાતું નથી."

બંદગી કરવાથી આપણુ સામાને યા પોતાને ખુશ કરતાં નથી પણ આપણી બંદગી એક બીજાને ખુશ કરે છે જે સર્વ શકિતમાન સર્વ વ્યાપક અને કુલે જહાનનો પિતા પાક દાદાર અહુરમજદ છે.

બંદગીની જરૂરયાતમાં એક ફીલસુફ નીચે પ્રમાણે કહી ગયો છે.

"Had I been a nightingale I should have Sung the Song of a nightingale or had I been a Swan I should have Sung the Song of a Swan, but being a reasonable being it is my duty to hymn God."

યાને હું જો બુલબુલ પેદા પડયું હોત તો બુલબુલ જેવા ગાયનો ગાતે, હું જો હંસ હોત તો હંસ જેવા ગાયનો ગાતે પણ હું અક્કલવાલુ પ્રાણી હોવાથી મારી ફરજો ખુદાની સ્તુતીનં ગાયણો કરવાની છે. બંદગી ખોદાના મેલાપનુ સાધન છે. સપેનતોમદ ગાથા હા. ૫૦ ફ. ૮

"પઇરી જસાઇ મજદા ઉસ્તાનજરાતે સ્નતવાઓ અષા અરેદ્રખ્યાચા નેમંઘહા.

યાને "અશોઇની મારફતે તથા ક્રિયાની ભેટ સાથની બંદગીની મારફતે ઓ અહુરમજદ તુને ખચીત હું પોહચું."

બંદગી એક જાતનું આપણે માથે કરજ છે ને એ કરજ અદા કરવાનું દરેક ઇનસાનને શું મોહતાં,

નાનાં, તવંગર કે ગરીબ, શાહ કે ફકીર સર્વને ફરજ છે. આપણા પાક સ્પીતમાન જરથોસ્ત સાહેબ અહુનવદ ગાથા હા ૩૪ ફ. ૧૫ મા ગાય છેઃ—

મજદા તાત્ વોહુ મનંઘહા

અષાચા ઇષુદેમ સ્તુતો.

યાને "ઓ અહુરમજદ.........નેક મનશાની તથા અશોઇથી તારી કીર્તિના ગાયણનું કરજ (હું અદા કરૂછું)"

૩ બંદગીની અગત સરોશ યશત હોદોખ્ત ક. ૩૧.

"નેમો વોહુ નેમો વહિશ્તેમ જરથુશત્ર ગએથાબ્યો."

"ઓ જરથોસ્ત, દુન્યાના લોકોને માટે (યાને તેઓના ફાયદાને માટે) બંદગી સારી છે બંદગી સૌથી સરસ છે."

હાદોખ્ત નુસ્કની પેહલી પરગરદ પેરા ૩)

ચે। અષેમ સ્તઓઇતિ ફ્રઓરેત-ફ્રક્ષનિ અવિ મને। જરજદાતોઈત અંઘહુચત હચ હોમામ સ્તઓઇતિ યિમ અહુરેમ મજદામ, હે। આપેમ સ્તઓઈતિ, હે। જામ સ્તઓઈતિ, હે। ગામ સ્તઓઈતિ, હે। ઉર્વરાઓ સ્તઓઇતિ, હે। વીસ્પ વોહુ મજદધાત અષ-ચિથ્ર સ્તઓઈતિ.=યાને

"જે કોઇ પેદા કીધેલા દિલનાં સંપૂર્ણ એતેકાદથી રાસ્તીને વખાણે છે યાને (બંદગી કરે છે) તે શખ્સ (ગોયા) હું હોરમજદને વખાણે છે. તે સખસ પાણીને, જમીનને, ગાય ઢોરને, ઝાડપાનોને તથા હોરમજદની તમામ પેદા કીધેલી અશોઇના તોખમવાલી ચીઝોને વખાણે છે."

બંદગી હરરોજ નેક નૈયતથી ખરાં અંતકરણથી અશોઈની રાહે ચાલી કરવાથી આપણે ધારેલી મુરાદે પુગયે છીએ તે આપણે આય ફ્રાની તેમજ મીનોહા જાહનનું સુખ મેલવી સકીએ છીએ ને આપણા તમામ ગુનાહવોની

માફી મેલવી શકયે છીએ જેમકે અહુનવદ ગાઠા હા ૩૩. ફ. ૪, ૬, તથા ૪ માં દરશાવીયું છે:—

> ય્રે ટ્વત્ મજદા અશારૂશતીમ
> અકેમચ્યા મનો ચજાઇ અમા
> ખ્એતેઉશાચ્યા તરેમઇતીમ વરેજન
> ખ્યાચ્યા નજદીશતામ દરૂજેમ
> અઇરયમનસચ્યા નદેજતો ગેઉશાચ્યા
> વાસતરાત અચીશતેમ મન્તૂમ.

યાને "નાફરમાન બરદારી તથા બદ મનશનીને તારી આગલથી અએ હોરમજદ બંદગીની મારફતે હું દુર કરૂં વળી મારા ખેશી સાથની તુન્દી સાથે કામ કરનારા (યાને મારા મલતીઆઓ) ની સાથની (મારી) ઠગાઇ તથા તાબેદાર (હાથ હેઠલના માણસો) તરફનો (મારો) તિરસ્કાર તથા ગાય ગોશપંદ બાબેની મારી ઘણીજ બેદરકારી (એ બધી જાતની બદ ચાલને) અએ હોરમજદ બંદગીને મારફતે હું મારામાંથી દુર કરૂં.

યે જઓતા અષા એરેજુસ હુવો
મ-યેઉસ આ વ હિશનાત કયા
અહમાત અવા મનઘહ્ યા
વરેજરે ઇશાઇ મ-તા વાસ્ત્રયા.

યાને " ખાહેશ પરસતસ કરનાર તરી કે અશોઈની મારફતે તથા ઘણીજ નેક નૈયતથી ઓ અહુરમજદ તુંને હું હરદમ યાદ કરૂ કે જેથી (મારી) મુરાદ મુજબ ધારેલું કામ હું પાર પાડું.

નાચા વોહુ ષવાઇ મંનઘહા
યસ્નેમ મજદા ક્ષમાવંતો અત્ર
વા અષા સ્તઓમયા વચાઓ
દાતાવે અમેરે તાઓસ્ચા
ઉતયુઇતી હર્ઉવતાશ દ્રઓનો.

યાને " જેથી નેક નૈયતથી ઓ અહુરમજદ તારા જેવાની આરાધના તેમજ તારી કિર્તીના સખુનો અંતકરણથી હું જારી રાખું જેથી ભેટ તરીકે ખોરદાદ (યાને આય દુન્યાનું સુખ) અમરદાદ (યાને પેલી દુન્યાનાં અમરપણા) ની જાથુકની બખસેશ તું મને આપ.

બંદગી કરતાં તેમજ હર વખતે આપણે હંમેશા સારૂ વીચારવું જોઇએ કારણ કે આપણા ભલા યા બુદ્દા વીચારોથી આપણું તેમજ દુન્યાનાં બીજા માણસોનું આપણે ભલુ યા બુડું કરી શકીએ છીએ દાખલા તરીકે:—

એક વખત બાદશાહ કુબાદ શીકાર કરતા પોતાના લશકરથી છુટો પડી જંગલ દરમયાન ભુલો પડીયો શાહ ભુખને પીયાસથી એતલોતો નાકવત થઇ ગયો કે તેનામાં પાછુ ફરવાની જરાબી શકતી રહી નહી. તેથી તેને પોતાની નજર ચારે તરફ દોરાવી ને ત્યાં જંગલ મધે થોરી દુર પર તેને એક કાલો આલો દેખાયો! શાહએ પોતાનો ઘોરો તે આલા તરફ દોરવીયો ને ત્યાં જઇને જેય છ તો તેને એક ઝાડનાં છાયાં હેથલ એક બુદ્ધી ડોસીને તથા તેની છોકરીને બેઠેલી જેઈ શાહએ તે દોસી પાસે થોરૂ પીવાનું પાણી ને ખાવાનું માગયું દોસી કે જેનું ઘેર થોરાજ છેટા પર હતું ત્યાં શાહને પોતાનાં મહેમાન દાખલ લેઇ ગઇ ને શાહને પીવાને સારૂ તાજુ દુધ તથા ખાવાને જેમી કઇ ન્યામત હતુ તે હાજર કીધું. શાહ તે ન્યામત ખાઇ બહુજ

સંતોષ થયો. ને થાકને મારે ત્યાંજ સુઇ ગયો. જયારે તે ખ્વાબથી બેદાર થયો ત્યારે સાંજ પરી ગયલી ને તે દોસીની છોકરીને ગાયો કે જેઓ જંગલથી ચરવા ગઇલી પાછી ફરી હતી. તેઓનું દુધ દોહવતી જોઈ તેમાંથી એક ગાયે એટલું તો દુધ આપ્યું કે તે જોઇ શાહ બહુજ તાજુબ થયો ને મનમાં વીચારવા લાગો કે જો એવીજ રીતે સઘળી ગાયો દુધ આપતી હોશે તો એ લોક પાસે પુશકલ પૈસો હોવો જોઇએ એમ વીચારી પોતાના મનમાં ઠેરાવ કીધો કે જયારે હુ પાછો શેહરમાં જવશ કે હું એઓની ઉપર કર વધારસ કે જેથી મારી આવકમાં વધારો થાય. બીજે દીવસે સહવારે જયારે પેલી છોકરી દુધ દોહવવા ગેઇ ત્યારે જે ગાય હંમેસા પુશકલ દુધ આપતી હતી તેને ઘણુજ થોરૂં દુધ આપીયું આ જોઇ તે છોકરી બહુજ વમાશનમાં પરીને પોતાની માય પાસે ફરીયાદ લેઇ ગઇ તેણીની માય જે દાનાવ અને સમજુ હતી, તે બોલી કે બેટા જે માણુસ આપરે ત્યાં મેહમાન દાખલ રહેઓ છે તે કે બાદશાહ છે ને તેને આપણી ગાયને આટલું બધું દુધ આપતાં જોઇ મનમાં બદ નેયત

કીધી છે. તેથી આવું બન્યું છે. આલમા વાએ કહેલું છે કેઃ—

"હરગાહ કે પાદશાહ નૈયત બદ કુનદ હક સુબ્હાન બરકત બરદારદ."

યાને કેઠબી જયારે બાદશાહ પોતાની નૈયતમાં ફરક લાવી બુરૂં વીચારે છે ત્યારે તે બારે હકતાલા તેના દેસમાંથી આબાદીને દુર કરે છે.

શાહ કુબાદ જે નજદીકજ ઉભો હતો તેને દાસીના આય સોનેરી સખુનો સમજી પોતાનાં મનમાં બેહુજ લજવાયો ને જે બદ વીચાર પોતે કીધો હતો તે મનમાંથી દુર કીધો કે પહેલાનીજ માફક તે ગાયે પાછુ દુધ આપવા લાગી.

બંદગી કરવાનો આપણો આયજ વખત છે કારણ કે જયારે જુવાની જઇ બુધાપો આવસે ત્યારે આપણથી કંઇ થઈ શકશે નહી એક ફીલસુફે લખીયુ છે.

જવાનાન રહે નાઅત ઇમરૂજગીર
કે ફરદા ન આયદ જવાની જે પીર

યાને ઓ જુવાનો તહમો આજને આજ બંદગી કરવાનો રસતો પકડો; કાલે કરીશું

એવા ભરોશાપર ન રહો કાંયકે કાલ કાલ કરતાં બુધાપો આવશે ત્યારે તે બુધાપામાં જુવાની પાછી આવનાર નથી.

બંદગી ખુદાની અમુલ્ય બક્ષેસમાંની એક છે: આય દુન્યામાં જે ઇનસાને જનમ લેઇ તે માહેન કીરતાર યાદ યાને બંદગી નહી કરે તો ખરેજ તેનું જીવવું ફોકટ છે ને તેનો આખરી અંજામ ઘણોજ ખરાબ છે એ વીષે વોહુક્ષથ્ર ગાથા હા ૫૧ ફકરો ૬ થો.

અહુમાઇ અકાત અઘ્યો
યે હોઇ નોઇત વીદાઇતી.
અપેમે અંઘહેઉસ ઉર્વયેરો.

યાને "જે કોઇ તેની (અહુરમજદની) ભક્તિ કરતો નથી તેને દુન્યાની છેક આખરીએ (યાને કયામતને દાહડે) ખરાબનાં કરતાં ખરાબ (થશે) યાને તેને સેવટે ઘણુંજ ખમવું પડશે.

શાંનત ચીતવાળી નીરીચ્છ બંદગી કરવા સાધારણ માણસને બહુ મુસકેલ લાગશે, પણ ધીમે ધીમે ટેવ પાડી બંદગી કીધી હોય તો મનુષ્ય ઘણું કરીને આ ખાકી દુન્યાનું ફાની-પણું જાણી શકે છે તેમજ પેલી મીનોહી જેહાનનું જ્ઞાન સંપાદન કરી શકે છે.